વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક/
મુખ્ય શિક્ષકની ભરતી પ્રક્રિયામાં
નિમણૂંકના ત્રણ વર્ષની અંદર
ઉમેદવારી કરવા માટેની
જોગવાઇઓ નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલફાઇલ-૬/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૨૨/03/૨૦૧૭

વંચાણે લીધાઃ

(૧) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તારીખ ૨૭/0૨/૨૦૧૭ની સીંગલ ફાઇલ દરખાસ્ત નંબરઃ પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/૨૦૧૭/ક/૬

(૨) નિયામકશ્રી, શાળાઓની કચેરીની તારીખ 0૨/03/૨૦૧૭ની સીંગલ ફાઇલ દરખાસ્ત નંબરઃ અ-૧/માધ્ય/૩૨૨૩

આમુખઃ

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની ક્રમાંકઃ(૧) સામે વંચાણે લીધેલ તારીખ ૨૭/0૨/૨૦૧૭ની સીંગલ ફાઇલ નંબરઃ પ્રાશિનિ/નીતિ/સીંગલફાઇલ/ ૨૦૧૭/ક/૬થી થયેલ દરખાસ્તમાં તથા નિયામકશ્રી, શાળાઓની કચેરીની ક્રમાંકઃ(૨) સામે વંચાણે લીધેલ તારીખ 0૨/03/૨૦૧૭ની સીંગલ ફાઇલ નંબરઃ અ-૧/માધ્ય/૩૨૨૩ અન્વયે થયેલ દરખાસ્તમાં જણાવ્યા મુજબ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક તરીકે અને માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકે સીધી ભરતીથી ઉમેદવારોની નિમણૂંક કરવામાં આવે છે. તાજેતરમાં વિદ્યાસહાયકોની નિમણૂંક માટે કરવામાં આવેલી ભરતી પ્રક્રિયા દરમ્યાન જણાયેલ છે કે તે ભરતી પ્રક્રિયામાં લગભગ ૪૦ % જેટલા ઉમેદવારો એવા પસંદ થયા છે કે જેઓ હાલ વિદ્યાસહાયક તરીકે નોકરી કરે જ છે. આમ, નોકરી માટે પસંદગીનું સ્થળ મેળવવા માટે ઉમેદવારો દ્વારા વારંવાર અથવા દરેક ભરતી પ્રસંગે ઉમેદવારી નોંધાવવામાં આવતી હોવાથી નવા કે નીચા મેરીટવાળા ઉમેદવારોને તક મળતી નથી. અને લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારી આપવાનો અને વિદ્યાસહાયકોની ખાલી રહેલી જગ્યાઓ ભરવાનો સરકારનો હેતુ સિધ્ધ થતો નથી.



Scanned by CamScanner

૨. ઉપરની પરિસ્થિતિ નિવારવા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક તરીકે અને માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક તરીકે નિમાયેલ કર્મચારીઓ દરેક ભરતી પ્રસંગે ઉમેદવારી ન નોંધાવે તે સુનિશ્ચિત કરવાની આવશ્યકતા જણાયેલ હોઇ, પુખ્ત વિચારણાને અંતે વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક/મુખ્ય શિક્ષકની ભરતી પ્રક્રિયામાં નિમણૂંકના ત્રણ વર્ષની અંદર ઉમેદવારી કરવા માટે નીચે મુજબની જોગવાઇઓ રાખવામાં આવે છે:

{1} કોઇ પણ નિમ્ન પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાસહાયક/શિક્ષક કે મુખ્ય શિક્ષક કે શિક્ષણ સહાયક પોતે જે સંવર્ગમાં નોકરી કરે છે તે માટે કે અન્ય જગ્યા માટે અરજી કરે ત્યારે તેઓએ નિમણૂંક સત્તાધિકારી એટલે કે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારી પાસેથી ઉમેદવારી નોંધાવવા માટે અરજી કરતાં પહેલાં "ના વાંધા પ્રમાણપત્ર" મેળવી લેવાનું રહેશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ આવી અરજી મળ્યેથી દિન-૭ માં "ના વાંધા પ્રમાણપત્ર" આપવાનો કે તેને નકારવાનો નિર્ણય, કારણ સહિત સંબંધિત શિક્ષકને લેખિતમાં જણાવવાનો રહેશે. શિક્ષકે પોતાની અરજી સાથે "ના વાંધા પ્રમાણપત્ર" ની નકલ બિડવાની રહેશે. 'ભરતી પસંદગી સમિતિ' એ અરજી સ્વીકારવાના પોતાના 'ઓનલાઇન' પ્રોગ્રામમાં આ બાબતે આનુષાંગિક ફેરફારો કરવાના રહેશે.

{2} કોઇ પણ વિદ્યાસહાયક/શિક્ષણ સહાયકે નવી નિમણૂંક મેળવ્યા બાદ ૩૦ દિવસમાં રૂ. ૩,૦૦,૦૦૦/- (રૂપિયા ત્રણ લાખ પુરા)ની જામીનગીરી રજૂ કરવાની રહેશે. જો તે પોતાની નિમણૂંક તારીખથી ત્રણ વર્ષની મુદત દરમિયાન પોતે જે સંવર્ગમાં નોકરી કરે છે તે જ સંવર્ગમાં નિમણૂંક મેળવવા ત્રણ વર્ષ પહેલા રાજીનામુ આપે તો રૂ. ૩,૦૦,૦૦૦/-ની રકમ રાજ્ય સરકારમાં જમા કરાવ્યા બાદ જ તેઓનું રાજીનામુ મંજૂર કરવાનું રહેશે.



Scanned by CamScanner

{3} જો કોઇ વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક નિમણૂંક લીધા બાદ ત્રણ વર્ષની અંદર પોતે જે સંવર્ગમાં ફરજ બજાવે છે તે જ સંવર્ગમાં ફરીથી અરજી કરે તો ક્રમ (૧) માં સૂચવ્યા મુજબ "ના વાંધા પ્રમાણપત્ર" મેળવવાનું રહેશે અને પસંદગી થયેલી જિલ્લા પસંદગી કરતાં પહેલાં ક્રમ (૨) માં દર્શાવ્યા મુજબની રકમ સરકારમાં ભરી રાજીનામુ આપી જિલ્લા પસંદગી કરવા ઉપસ્થિત થઇ શકશે. તે સિવાય જિલ્લા પસંદગી માટે ઉપસ્થિત થનાર ઉમેદવારને ભરતી સમિતિએ જિલ્લા પસંદગી કરવા દેવાની રહેશે નહી.

{4} જો કોઇ ઉમેદવાર પોતે હાલ વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક તરીકે નોકરી કરે છે તે બાબત છુપાવીને અરજી કરે તો તેવા કિસ્સામાં માહિતી છુપાવવાની બાબત ધ્યાન ઉપર આવ્યા બાદ તેવા ઉમેદવારની ઉમેદવારી રદ્દ કરવાપાત્ર થશે તેમજ સંબંધિત નિમણૂંક સત્તાધિકારીએ તેની વિદ્યાસહાયક/શિક્ષણ સહાયક તરીકેની હાલની નિમણૂંક નિયમ અનુસારની કાર્યવાહી કરી રદ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન. મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર



Scanned by CamScanner